# ફ્લિપકાર્ટ ફાઉન્ડેશન, ગીવ ફાઉન્ડેશન અને પિંકીશ ફાઉન્ડેશને વંચિત સમુદાયોમાં માસિક ધર્મ અંગે જાગૃતિ વધારવા *પ્રોજેક્ટ ઉડાન* શરૂ કરવા માટે સહયોગ કર્યો

- *આ પહેલનો હેતુ કિશોરાવયની છોકરીઓ અને મહિલાઓને સુરક્ષિત અને ટકાઉ મેન્સ્ટ્રુઅલ પ્રોડક્ટ્સ પૂરી પાડીને શિક્ષિત અને સશક્ત બનાવવાનો છે.*
- *આ કાર્યક્રમમાં ચાર રાજ્યો – ગુજરાત, હરિયાણા, કર્ણાટક અને ઉત્તર પ્રદેશમાં 1,600 છોકરીઓને પ્રત્યક્ષ રીતે અને વધારાની 3,200 છોકરીઓ તથા મહિલાઓને આડકતરી રીતે લાભ મળવાની ધારણા છે.*

બેંગલુરુ, ઓગસ્ટ 25 2023 - ફ્લિપકાર્ટ ફાઉન્ડેશન અને ગીવ ફાઉન્ડેશને માસિક ધર્મને લગતા સ્વાસ્થ્ય અને સ્વચ્છતા અંગે જાગૃતતા ફેલાવવા માટે ભારતમાં મહિલાઓ અને કન્યાઓના જીવનને સુધારવા માટે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થા પિંકીશ ફાઉન્ડેશન સાથે ભાગીદારી કરી છે. 'પ્રોજેક્ટ ઉડાન' નામની આ પહેલ ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોની છોકરીઓ અને મહિલાઓને જે પડકારોનો સામનો કરવો પડે છે તેનું નિરાકરણ લાવીને માસિક ધર્મ અંગે હકારાત્મકતા લાવવાનો હેતુ ધરાવે છે. આવશ્યક માહિતી અને ઇકો-ફ્રેન્ડલી પીરિયડ પ્રોડક્ટ્સ પ્રદાન કરીને, આ પ્રોજેક્ટ વધુ સારી રિપ્રોડક્ટિવ હેલ્થ અને બિહેવરલ પ્રેક્ટિસીસને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરે છે. આ પ્રોજેક્ટ ગુજરાતના ગાંધીનગર અને મહેસાણા, હરિયાણાના ગુરુગ્રામ, કર્ણાટકમાં બેંગલુરુ અને ઉત્તર પ્રદેશમાં વારાણસી સહિત ચાર રાજ્યોમાં અનેકવિધ સ્થળોએ ચલાવવામાં આવશે.

આ સહયોગનો હેતુ કિશોરવયની કન્યાઓને સશક્તિકરણ અને પ્રોત્સાહિત કરવાનો અને પીરિયડ્સ અંગેની ભ્રમણાઓ દૂર કરવાનો છે. યોગ્ય માસિક સ્વાસ્થ્ય પ્રથાઓને પ્રોત્સાહન આપવા ઉપરાંત, આ પ્રોજેક્ટ યુવાન છોકરીઓ અને મહિલાઓમાં ગૌરવ અને આત્મવિશ્વાસની ભાવનાને પોષવાની પણ કલ્પના કરે છે. આ કાર્યક્રમ 10થી 18 વર્ષની વયની છોકરીઓ માટેનો પ્રયાસ છે, જેમાં 1,600 છોકરીઓને પ્રત્યક્ષ રીતે અને વધારાની 3,200 છોકરીઓ અને મહિલાઓને આડકતરી રીતે લાભ થાય છે, જેમાં સ્થાનિક ટીમોની મદદથી પસંદ કરાયેલી 20-25 શાળાઓને આવરી લેવામાં આવે છે.

દરેક પસંદગીની શાળાઓમાં 50-100 છોકરીઓની બેચ માટે બે-કલાકની વર્કશોપનું આયોજન કરવામાં આવશે, જેમાં સ્વચ્છતાના વ્યવહારો, મેન્સ્ટ્રુઅલ પ્રોડક્ટ વિકલ્પો અને તેમના નિકાલ,

આરોગ્ય અને પોષણ વગેરે વિશે વ્યાપક જ્ઞાન આપવામાં આવશે. આ સેશન્સ માસિક સ્રાવ અંગેની ખોટી માન્યતાઓ પણ દૂર કરવાનો પ્રયાસ કરાશે અને પેઈન-મેનેજમેન્ટ, ભાવનાત્મક-સ્વાસ્થ્ય અને પીરિયડ-પોઝિટિવ હિમાયતમાં ઊંડા ઉતરીને ચર્ચા કરાશે.

વધુમાં, આ વર્કશોપના ભાગરૂપે પીરિયડ કીટનું વિતરણ કરવામાં આવશે, જેમાં પુનઃઉપયોગ કરી શકાય તેવા કાપડના પેડ, સૂચના પુસ્તિકા અને અન્ય આવશ્યક વસ્તુઓનો સમાવેશ થાય છે, જેથી ઓછામાં ઓછા બે વર્ષ સુધી પર્યાવરણને અનુકૂળ માસિક સ્રાવના સ્વાસ્થ્ય વ્યવસ્થાપન સુનિશ્ચિત કરી શકાય.

આ ભાગીદારી અંગે ટિપ્પણી કરતા, **ફ્લિપકાર્ટ ફાઉન્ડેશનના ડિરેક્ટર પૂજા ત્રિસાલે** જણાવ્યું હતું કે, *"અમે માનીએ છીએ કે સશક્તિકરણની શરૂઆત જ્ઞાન અને એક્સેસથી થાય છે. પિંકીશ ફાઉન્ડેશન સાથેની ભાગીદારીમાં 'પ્રોજેક્ટ ઉડાન'ની શરૂઆત સાથે, અમે ગ્રામીણ અને વંચિત સમુદાયોમાં યુવાન છોકરીઓ અને મહિલાઓનું ઉત્થાન કરવા, શિક્ષણ આપવા તથા તેમના સશક્તિકરણ માટે એક મહત્વપૂર્ણ પગલું ભરી રહ્યા છીએ. આવશ્યક માસિક આરોગ્ય શિક્ષણ અને ઈકો-ફ્રેન્ડલી પીરિયડ પ્રોડક્ટ્સ દ્વારા, અમે અવરોધો તોડવાની, નાની ઉંમરે છોકરીઓમાં આત્મવિશ્વાસ જગાડવા અને તંદુરસ્ત અને ઉજ્જવળ ભવિષ્ય માટે માર્ગ મોકળો કરવા ઈચ્છીએ છીએ. અમે કોઈને પાછળ ન છોડવા માટે પ્રતિબદ્ધ છીએ કારણ કે અમે વધુ સમાવિષ્ટ અને સશક્ત સમાજ તરફ સતત સાથે આગળ વધીએ છીએ."*

**પિંકીશ ફાઉન્ડેશનના પ્રમુખ અરૂણ ગુપ્તાએ** ટિપ્પણી કરતાં જણાવ્યું હતું કે, *"હૃદયપૂર્વક કૃતજ્ઞતા સાથે, અમે ફ્લિપકાર્ટ ફાઉન્ડેશનના સ્વપ્નદ્રષ્ટા અને હિંમતવાન નેતૃત્વનો આભાર માનીએ છીએ કે તેઓ ગ્રામીણ કન્યાઓને માસિક શિક્ષણ આપવાના અને ઈકો-ફ્રેન્ડલી કપડાના પેડ પ્રદાન કરવાના અમારા મિશનને સમર્થન આપ્યું. આ મહત્વપૂર્ણ પરંતુ અવગણના કરાયેલ મુદ્દાને સંબોધિત કરીને અમે અવરોધો તોડી રહ્યા છીએ અને પર્યાવરણીય ટકાઉપણાને પ્રોત્સાહન આપતી વખતે હજારો યુવાન છોકરીઓને સશક્તિકરણ કરી રહ્યા છીએ. સાથે મળીને, અમે એક સમાવિષ્ટ સમાજ માટે પ્રયત્નશીલ છીએ જ્યાં કોઈ છોકરીને માસિક ધર્મના પડકારો દ્વારા અવરોધનો સામનો ન કરવો પડે. હકારાત્મક સામાજિક અસર લાવવા અને શિક્ષણ, સશક્તિકરણ અને ઇકો-કોન્શિયસ સોલ્યુશન્સની શક્તિમાં વિશ્વાસ કરવા બદલ અમે ફ્લિપકાર્ટ ફાઉન્ડેશનનો આભાર માનીએ છીએ.. સાથે મળીને, અમે બધા માટે ઉજ્જવળ, હરિયાળું અને વધુ સમાન ભવિષ્ય બનાવીએ છીએ."*

વંચિત કન્યાઓ માટે કામ કરતી ગ્રામીણ શાળાઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને, *પ્રોજેક્ટ ઉડાન*નો હેતુ માસિક ધર્મ સ્વચ્છતા સંસાધનો અને માહિતીમાં સામાજિક અને આર્થિક અવરોધોનો સામનો કરી રહેલા લોકો સુધી પહોંચવાનો છે. આ પ્રોજેક્ટ માસિક ધર્મ સ્વચ્છતા પદ્ધતિઓને પ્રોત્સાહન આપીને તથા તાત્કાલિક રાહત પૂરી પાડીને સ્થાયી પરિવર્તનને સક્ષમ કરવા માંગે છે.

અગાઉના વર્ષમાં, ફ્લિપકાર્ટ ફાઉન્ડેશને મહત્તમ પહોંચ અને ટકાઉ અસર સુનિશ્ચિત કરવા માટે આંધ્ર પ્રદેશ, આસામ, હરિયાણા, મહારાષ્ટ્ર, કર્ણાટક, તેલંગાણા, ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં વિવિધ ક્ષેત્રોમાં સમાજના અકુશળ અને વંચિત વર્ગોની સેવા, સમર્થન અને સશક્તિકરણ માટે વંચિત સમુદાયો સાથે કામ કર્યું છે.

**About the Flipkart Group**

The Flipkart Group is one of India's leading digital commerce entities and includes group companies Flipkart, Myntra, Flipkart Wholesale, Flipkart Health+, and Cleartrip. Started in 2007, Flipkart has enabled millions of sellers, merchants, and small businesses to participate in India's digital commerce revolution. With a registered customer base of more than 450 million, Flipkart's marketplace offers over 150 million products across 80+ categories. Today, there are over 11 lakh sellers on the platform, including Shopsy sellers. With a focus on empowering and delighting every Indian by delivering value through technology and innovation, Flipkart has created lakhs of jobs in the ecosystem while empowering generations of entrepreneurs and MSMEs. Flipkart is known for pioneering services such as Cash on Delivery, No Cost EMI and easy returns, which are customer-centric innovations that have made online shopping more accessible and affordable for millions of Indians.

**About Pinkishe Foundation**

Pinkishe Foundation, a New Delhi-based non-profit, was established in 2017 with a powerful mission: to shatter the silence around periods. Through their dedicated team of primarily women volunteers, Pinkishe is transforming the narrative on menstrual health & hygiene management (MHHM) across India. They conduct impactful workshops and awareness programs in schools, colleges, and underserved communities, helping to educate and empower women. Pinkishe's focus on safe and sustainable period products has made a significant impact, and they provide free pad kits to their target population. With a strong partner network involving corporates, colleges, and other NGOs, Pinkishe has become a leading player in the MHHM space. Their efforts have directly benefited over 500,000 girls and women, earning them well-deserved recognition with multiple awards. Pinkishe Foundation's work is reshaping attitudes and lives, promoting a future where menstruation is no longer a taboo but a celebrated aspect of women's health and well-being.

**For more information, please write to media@flipkart.com**